## પ્રશ્ન 1: સર્જક રમેશ પારેખનું જીવન અને સર્જન જણાવો.

ઉત્તર: 'મારી કવિતા એ

મેં વિશ્વના હોઠ પર કરેલું ચુંબન છે.'

* * * * *

'ચિંધ આખું વિશ્વ તું એને, રમેશ

જેને સરનામું ર.પા.નું જોઈએ.'

-એમ કહીને, પોતાની કવિતાની વ્યક્તિતા અને વ્યાપકતાને ચીંધતા તેમજ વિશ્વની સરહદ સુધી વિસ્તરતા કવિ શ્રી રમેશ પારેખ, ગુજરાતી ભાષાના સર્જકતાથી સમુદ્ધ અને સત્વશીલ કવિ છે.

આધુનિક ગુજરતી સૌંદર્યરાગી કવિ તરીકે પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા પામેલા કવિ રમેશ પારેખનો જન્મ સૌરષ્ટ્ર વિસ્તારના અમરેલીમાં તા.27-11-1940ના રોજ થયો હતો. એમનાં માતાનું નામ નર્મદાબહેન અને પિતા મોહનલાલ પારેખ. એમણે પ્રાથમિક અને માધ્યમિક કક્ષાનું શિક્ષણ અમરેલીમાં લીધેલું.

રમેશ પારેખને વિદ્યાર્થી અવસ્થાથી જ વાચન,ચિત્રકળા,અને સંગીત પ્રત્યે સવિશેષ રુચી હતી. શાળાના અભ્યાસ દરમ્યાન તેઓ અમરેલીના બાળવાચનાલયમાં જઈને 'બાલમિત્ર', 'બાલજીવન', 'ગાંડિવ', 'ચાંદની', 'કિસ્મત' વગેરે સામયિકો વાંચતા. તેઓ ચિત્રકળાની એલિમેંટરી અને ઈન્ટર મિડિયટની પરિક્ષામાં પણ સારી રીતે ઉત્તિર્ણ થયા. ભવિષ્યમાં ઉત્તમ ચિત્રકાર બનવાનું એમનું સપનુ હતુ અને મુંબઈની જે.જે.સ્કુલ ઓફ આટ્ર્સમાં અભ્યાસ કરવાની પણ એમની ઈચ્છા હતી, પરંતુ પિતાની આર્થિક પરિસ્થિતી સાધારણ હોવાને કારણે એ ઈચ્છા અધૂરી રહી. વિદ્યાર્થીકાળથી જ સંગીત પ્રત્યે લગાવ ધરાવતા રમેશ પારેખે છએક મહિના સુધી સંગીતની વિધિવત્ તાલીમ પણ લીધી હતી. અમનો સંગીત કલાના જ્ઞાનનો આનુસાંગિક લાભ એમની કવિતાને પણ મળ્યો છે. એમણે પોતાના તથા અન્ય કવિના કેટલાંક ગીતોનું સુંદર સ્વરનિયોજન પણ કર્યુ હતું.

ઈ.સ.૧૯૫૮માં રમેશ પારેખ પ્રથમ વર્ગ સાથે એસ.એસ.સી. ની પરીક્ષામાં ઉત્તિર્ણ થયા અને પિતાની આર્થિક મુશ્કેલીને કારણે ઔપચારિક અભયાસ આટોપીને એમણે નોકરી

સ્વિકારી લીધી. આરંભે થોડો સમય પિ.ડબલ્યુ.ડી.માં નોકરી કરી, પછી અમરેલી સ્કુલ બોર્ડમાં ક્લાર્કની જગા પર જોડાયા,૧૯૮૨માં ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય ગ્રામવિકાસ નિગમમાં એક વર્ષ ફરજ બજાવી પરંતુ વતનવિચ્છેદ સહન ન થતા બીજા જ વર્ષે ૧૯૮૩માં પુનઃ અમરેલી આવ્યા અને જીવનના ત્રણેક દાયકા સુધી નોકરી કરીને ૧૯૮૮માં વ્યાવસાયિક નિવૃત્તિ લીધી. ૧૯૭૨માં રસીલાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા અને એમણે મૈત્રીપુર્ણ દાંપત્ય જીવન વિતાવ્યું. વતન અમરેલી પ્રત્યે ઉત્કટ અનુબંધ ધરાવતા આ કવિ એમના જીવનના પોણા છ દાયકા અમરેલીમાં રહ્યા અને ૧૯૯૭માં રજકોટ ખાતે સ્થાયી થયા.

રમેશ પારેખ કવિતાના અભ્યાસીઓમાં આદર પામ્યા છે,તો ભાવકોની અનન્ય ચાહના પણ રળિ શક્યા છે. અમરેલીમં ઉજવાયેલું આ કવિના વનપ્રવેશનું પર્વ એક ઐતિહાસિક સાહિત્યિક ઘટના તરીકે હંમેશ યાદ રહેશે. ૨૭ નવેમ્બર,૧૯૯૧ના રોજ કવિના જન્મદીવસે મોરારીબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં, રમેશ પારેખની ૧૯૯૧ સુધીની સમગ્ર કવિતાના ગ્રંથ ‘છ અક્ષરનું નામ’નું હરિન્દ્ર દવેના હસ્તે વિમોચન થયું હતુ અને વિશેષ ગૌરવપ્રદ વાત તો એ હતી કે અમરેલીના નગરજનોએ કાવ્યગ્રંથ ‘છ અક્ષરનું નામ’ને હાથીની અંબાડી પર માનભેર સ્થાન આપીને એની શોભાયાત્રા કાઢી હતી. પાટણમાં સિદ્ધરાજ જયસિંહના સમયમાં, શતાબ્દીઓ પહેલાં નિકળેલી આચાર્ય હેમચંદ્રકૃત વ્યાકરણ ‘સિદ્ધહેમ’ની શોભાયાત્રા બાદ એવું માન ‘છ અક્ષરનું નામ’ને નિમિત્તે રમેશ પારેખને મળ્યું હતું. અમરેલી ઉપરાંત રાજકોટ અને મુંબઈ ખાતે પણ આ કવિના વનપ્રવેશની ગૌરવપુર્ણ ઉજવણી થઈ હતી તેમજ ઈ.સ. ૨૦૦૧માં, રાજકોટમાં રમેશ પારેખ ષષ્ટીપુર્તિપર્વ પણ ઉમંગભેર ઊજવાયેલું. રમેશ પારેખ ઉત્તમ કવિ હોવા ઉપરાંત રજુઆતના રાજવી પણ હતા. એમની ઉપસ્થિતિથી કવિસંમેલનની શોભા અને સમૃદ્ધિમાં ઉમેરો થતો તથા એમની અભિવ્યક્તિથી કવિસંમેલનમાં પ્રાણ પુરાતો.

‘જાત અટકી તોય ના અટકી પિડાની જાતરા,

જો અમે પથ્થર થયા તો ટાંકણાં સામા મળ્યાં.’

-એવી પ્રતિતી ધરાવતા આ કવિ, જીવનનાં છેલ્લા વર્ષોમાં કેટલીક શારીરિક અને માનસિક વ્યાધીનો ભોગ બન્યા હતા. તા. ૧૭.૫.૨૦૦૬નાં રોજ હ્રદયરોગના જીવલેણ હુમલાથી એમનું અવસાન થયું.

રમેશ પારેખનું સત્વસમૃદ્ધ સહિત્યસર્જન સંખ્યાબંધ પરિતોષિકોથી પુરસ્કૃત થયું છે. કુમારચંદ્રક(૧૯૭૦), ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક (૧૯૮૮), ધનજી કાનજી

સુવર્ણચંદ્રક(૧૯૮૩), રણજીતરામ સુવર્ણચંદ્રક(૧૯૮૬) તેમજ ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદનાં અનેક પારિતોષિકો એમને પ્રાપ્ત થયા છે.એમના કાવ્ય સંગ્રહ'વિતાન સુદ બીજ' માટે તેમને ૧૯૯૪ના વર્ષનો સાહિત્ય અકાદમી, દિલ્હીનો એવોર્ડ મળ્યો છે. આ ઉપરાંત પણ એમના પુસ્તકોને તથા સમગ્ર સાહિત્યસર્જનને અનુલક્ષીને એમને અનેક પુરસ્કારો સાંપડ્યા છે. છેલ્લે ૨૦૦૪માં, મોરારીબાપુ પ્રેરિત આદ્યકવિ નરસિંહ મહેતા સહિત્યનિધિ દ્વારા અપાતા 'નરસિંહ મહેતા એવોર્ડ'થી એમની કવિ પ્રતિભાનું સમુચિત બહુમાન થયું હતું.

આધુનિક ગુજરાતી કવિતાના ઈતિહાસમાં આગવું સ્થાન અંકે કરનાર રમેશ પારેખે કવિતા ઉપરાંત નવલિકા, નાટક, નિબંધ, આસ્વાદ—અવલોકન અને બાળસાહિત્યક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. અલબત્ત, એમની પ્રથમ અને પ્રબળ ઓળખ તો એક ઉત્તમ ઊર્મિકવિ તરિકેની જ રહી છે. એમણે સાતત્યપુર્વક અને સામર્થ્યપુર્વક કવિતાની આરાધના કરી હોવાને કારણે એક મુર્ધન્ય સૌંદર્યરાગી કવિ તરિકેની એની મુદ્રા વિશેષ ઉપસી આવી છે.

કાવ્ય સર્જન એ સુક્ષ્મ અને સંકુલ પ્રવૃત્તી છે, એવી સમજ સાથે રમેશ પારેખે કાવ્યસર્જન કર્યું છે. 'કાવ્ય એટલે ખાલી શીશીમાં ધૂમાળો ભરવાની મથામણ', એવી કાવ્યની વ્યાખ્યા આપતા આ કવિ એ સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા યોજાયેલા 'મીટ ધી ઓથર' કાર્યક્રમમાં પોતાની સર્જનપ્રવૃત્તિ અંગે વાત કરતા કહ્યું હતું કે, 'દરેક સાહિત્ય સર્જકની પેઠે મારુ ઉપાદાન પણ શબ્દ છે. અન્ય સર્જકો પેઠે મરે પણ પરંપરાપ્રાપ્ત શબ્દમાંથી મારો આગવો, નવો,દિપ્તિમંત છતાં સર્વસ્વીકૃત એવો શબ્દ કંડારવાનો છે.—તેની સમજણ સાથે હું શબ્દ મથામણ કરતો રહ્યો છું ઠીક ઠીક વર્ષો પછી પણ શબ્દ માણસને ઘડે છે કે માણસ શબ્દને ઘડે છે એ રહસ્યને હુંહ ઉકેલી શક્યો નથી. શબ્દ સાથેની મારી ઓળખાણ અણધારી અને આકસ્મિલ હતી, એમ કહું તો ચાલે. કેમ કે પદ્ધતિસરની શિક્ષા અને દીક્ષાના અભાવે મારી સર્જનપ્રક્રિયા એકલ્વ્યની આત્મસાધના પેઠે ચાલી છે...સાવ નિખાલસ પણે કહું તો, કેવળ શબ્દ પરની મરી શ્રદ્ધા અને શબ્દની શક્તિ પરની શ્રદ્ધાના તરણે આજ સુધી તરતો રહ્યો છું. શબ્દ મને જે જે વિસ્મયલોકમાં અને સૌંદર્યલોકમાં લઈ ગયો ત્યાં ત્યાં હું ગયો છું. ત્યાંથી જે ઐશ્વર્ય અને આનંદ મળ્યા તેમાંથી ગજાસંપત મુઠ્ઠીઓ ભરીભરીને હું વહેંચતો રહ્યો છું.'

રમેશ પારેખ સતત લખતા રહ્યા છે અને વિકસતા રહ્યા છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ક્યાં' ઈ.સ. ૧૯૭૦માં પ્રગટ થયો. ત્યારબાદ એમની પાસેથી 'ખડિંગ' (૧૯૭૯), 'ત્વ' (૧૯૮૦), 'સનનન' (૧૯૮૧), ખમ્મા, આલા બાપુને' (૧૯૮૫), 'મીરાં સામે પાર'

(૧૯૮૬), અને 'વિતાન સુદ બીજ' (૧૯૮૯) કાવ્યસંગ્રહો મળ્યા છે. ઈ.સ. ૧૯૯૧માં, ત્યાં સુધીની કવિની સમગ્ર કવિતાનો ગ્રંથ 'છ અક્ષરનું નામ'થી પ્રકાશિત થઈ છે, જેની ૨૦૦૯માં પાંચમી આવૃત્તિ થઈ છે. સમગ્ર કવિતાના પ્રકાશન બાદ પણ રમેશ પારેખનો સર્જનપ્રવાહ સતત વહેતો રહ્યો હતો. પરિણામે પછીથી એમની પાસેથી 'લે,તિમિરા! સૂર્ય...' (૧૯૮૫), 'છાતીમાં બરસાખ' (૧૯૯૮) અને 'સ્વાગતપર્વ' (૨૦૦૨) જેવા કાવ્યસંગ્રહો સાંપડ્યા છે. 'ચશ્માંના કાચ પર' (૧૯૯૯) માં, અગાઉના સંગ્રહોમાંથી જેટલી ગઝલો ગ્રંથસ્થ થઈ છે, તો એમનો મરણોત્તર કાવ્યસંગ્રહ 'કાળ સાચવે પગલાં' ૨૦૦૯માં પ્રગટ થયો છે.

ભાવ-ભાષા અને અભિવ્યક્તી—એમ બધી બાબતે રમેશ પારેખની કવિતા નોખી-નિરાળી ભાત પાડે છે. એમની કવિતા કોઈ ચોક્કસ વિષયવિશેષમાં બંધાવાને બદલે સર્વસ્લેષી બની રહી છે; તો એમની કલમ ગીત,ગઝલ કે ગદ્યકાવ્યમાં સફળતાપુર્વક વિહરી છે અને એમણે છાંદસ રચનાઓ પણ કરી છે. રમેશ પારેખની કવિતાઓનું સંવેદનવિશ્વ વ્યાપક અને વૈવિધ્યસભર છે. એમણે પ્રણયમુગ્ધ છોકરા-છોકરીના ગીતો આપ્યા છે, તો ૯૯ વર્ષ જુના રજપૂતનું ઊર્મિગીત કે વૃદ્ધોનું ઋતુગીત પણ એમની પાસેથી મળે છે; આ કવિ ષોડશીને કવન વિષય બનાવે છે, તો ડોશી પણ એમની કવિતામાં સ્થાન પામે છે; એમને કતલખાનાના દરવાજે ફુગ્ગા વેચતો વૃદ્ધ દેખાય છે, તો એક નવોઢાનો મરશિયો પણ સંભળાય છે; આ કવિને ટૂટેલા પંદળાની વ્યથા અકળાવે છે, તો ફૂલદાનીમાં ગોઠવાયેલાં કાગળના ફુલોમાંથી ઝાડની કરપીણ હત્યાની દુર્ગંધ આવે છે. 'માનવીય લાગણીઓનો સંવેદનમાં તરજુમો અને એ સંવેદનને અભિવ્યક્ત કરવાની સન્નિષ્ઠ મથામણ તે કાવ્ય.' – એવી કાવ્યની પરિભાષા કરતાં રમેશ પારેખ, કવિતામાં માનવીય લાગણીઓના આવિષ્કારને આવશ્યક સમજે છે અને એમની કવિતામાં પણ, માનવીય લાગણીઓ તથા એનાં આઘાત-પ્રત્યાઘાતો પ્રગટ થતાં રહે છે; એમની કવિતામાં કલ્પનાનાં આકાશમાં થતું ઉડ્ડયન છે, તો વસ્તવની ભોંય સાથેનો અનુબંધ પણ છે. પરિણામે માણસજાત સાથે જોડાયેલી પીડાઓ કે પ્રસન્નતાઓને એ કવિતામાં સહજ ભાવે વાચા મળે છે.

કવિ રમેશ પારેખ પ્રણય-વિરહ કાવ્ય, પ્રકૃતિ-કાવ્ય, ગઝલ, ચિંતન કાવ્ય વગેરેમાં પોતાનું અલગ અને અનોખું રૂપ પ્રગટ કરે છે. જૂઓ,

પ્રણય-વિરહ:

"ફાગણની ઝાળ-ઝાળ સુક્કી વેળામાં તારું પહેલાં વરસાદ સમું આવવું,

હવે આંખોને કેમ રે ભુલાવવું"

પ્રકૃતિ-કાવ્ય:

"નહિં છાલક, નહિં છાંટા રે વરસાદ ભીંજવે

દરિયા ઊભા ફાટ્યા રે વરસાદ ભીંજવે"

ગઝલ:

"જ્યારે રમેશ નામનો એક ખારવો ડુબ્યો

ત્યારે ખબર પડી કે છે દરિયા રમેશમાં."

ચિંતન કાવ્ય:

"પાંચીકાના હોય, હોય નહિં કદી સંતના ઢગલા,

સંત સહુને મુક્તિ વહેંચે, નહિં વાઘાં, નહિં ડગલા"

આમ, રમેશ પારેખની કવિતામાં અનુભવાતી અનૂભૂતીની વ્યાપકતા-વિપુલતા અને અભિવ્યક્તિની વિલક્ષણતા એમને 'મેજર પોએટ' નો દરજ્જો અપાવે છે. રમેશ પારેખની કવિતા સંદર્ભે વ્યક્ત થયેલાં સુરેશ દલાલના આ અભિપ્રાય સાથે અવશ્ય સંમત થઈ શકાય છે કે,' કવિતાનો કોઈ પણ વિષય હોય કે ગીત. ગઝલ, સોનેટ, અછાંદસકે અન્ય કોઈ પણ કાવ્ય-પ્રકાર હોય, પણ રમેશ પારેખની પ્રતિભા જેને સ્પર્શે તે કવિતા થઈને જ રહે. વૈવિધ્ય અને વૈપુલ્ય એની કલમની અડખે-પડખે જ રહ્યા છે. સંખ્યા હોય કે ગુણવત્તા હોય, રમેશ પારેખને કોઈ ન પહોંચે. આ મબલક સર્જકતાનો કવિ છે. એને કારણે આપણી કવિતા રમ્ય પણ છે અને ધન્ય પણ છે.' તેથી કહી શકાય કે, રમેશ પારેખ રૂપી ગુજરાતી કવિતાનું કલ્પવૃક્ષ કવિતાના મુગ્ધ ભાવકોને અને વિદગ્ધ વિવેચકોને ધન્યતાનો અનુભવ કરાવે છે.

## પ્રશ્ન 2: રમેશ પારેખનાં પ્રકૃતિકાવ્યો:

**ઉત્તર:** રમેશ પારેખનું જીવન આપણે જોયું અને જાણ્યું છે. હવે આજે આપણે સર્જક શ્રી રમેશ પારેખના પ્રકૃતિ કાવ્યો વિશેની નોંધ જોઈએ. રમેશ પારેખના દરેક કાવ્યો જોતા જ એવું લાગે કે રમેશ પારેખ આ કાવ્ય પ્રકારના જ કવિ હોવા જોઈએ કારણ કે એનો દરેક કાવ્ય પ્રકાર પોતાનુ એક અલગ અને નિરાળુ રૂપ લઈને જ આવે છે. રમેશ પારેખના પ્રકૃતિ કાવ્યો જોતા એવું જ લાગે છે કે રમેશ પારેખ માત્ર પ્રકૃતિના જ કવિ છે, પણ એવું નથી. ખરેખર તો તેની દરેક રચના પોતાની એક અલગ છાપ લઈને આવે છે. જે રમેશ પારેખની એક સર્જક તરિકેની સફળતા છે.

### રમેશ પારેખના પ્રકૃતિ કાવ્યો

રમેશ પારેખના પ્રકૃતિ કાવ્યોમાં 'કૈંક લીલું ચટ્ટાક', 'વરસાદ ભીંજવે' અને 'પંખી ક્યાં ગાય છે?' નો સમાવેશ થાય છે. આ બધા પ્રકૃતિ કાવ્યોની થોડી ઝલક જોઈએ તો,

### "કૈંક લીલુંચટ્ટાક"

તેના એક કાવ્ય 'કૈંક લીલુંચટ્ટાક'માં તેમણે વરસાદની સાથે-સાથે પ્રણય વિરહ પણ દર્શાવ્યો છે. તેમણે વિરહને દુકાળ સાથે સરખાવ્યો છે અને વિરહથી ઉદ્ભવેલા આંસુને તેમણે વરસાદ સાથે સરખાવ્યા છે અને છતાં પણ તેની મિલનની ઝંખનાથી ઉત્પન્ન થતી ઠંડકને કારણે કવિને પોતાની અને નાયિકાની આંખમાં કૈંક લીલું ચટ્ટાક દેખાય છે. જુઓ,

"સુક્કો દુકાળ તારા દેશમાં છતાં ય

અરે, સુક્કો દુકાળ મારા દેશમાં છતાં ય

કૈંક લીલું ચટ્ટાક કૈંક લીલું ચટ્ટાક કૈંક લીલું ચટ્ટાક તારી આંખમાં

કૈંક લીલું ચટ્ટાક મારી આંખમાં.....”

માત્ર વિરહ જ નહીં પ્રણયની વાત પણ કવિએ ઝંખી છે અને આ વિરહ પછીના મિલનની કલ્પના પણ એટલી જ ઉત્કૃષ્ટ છે. જુઓ,

“તોડીએ તડાક્ દઈ સુક્કો દુકાળ

પછી આપણી વચાળ

નહીં તારી પરસાળ

નહીં મારી પરસાળ”

આમ, કવિએ વરસાદની સાથે-સાથે પ્રણય-વિરહને પણ વણી લીધો છે.

## “વરસાદ ભીંજવે”

વરસાદ ભીંજવે કાવ્યમાં વરસાદનું સુંદર મજાનું અવલોકન તથા નિરૂપણ કવિએ કરેલું છે. કવિના આંખ-કાન આ વરસાદમાં આકળ-વિકળ થઈ ગયા છે તેમજ તેણે સાન-ભાન પણ ગુમાવી દિધા છે. જુઓ,

“આકળ-વિકળ આંખ-કાન વરસાદ ભીંજવે

હાલક-ડોલક ભાન-સાન વરસાદ ભીંજવે”

ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઊગ્યું રે વરસાદ ભીંજવે

અજવાળું ઝોકર લોહીની પાંગત સુધી પૂગ્યું રે વરસાદ ભીંજવે

આમ, વરસાદની મોસમમાં કવિની કલ્પના શક્તિ ખૂબ જ ખીલી હોય એવું લાગે છે. આ વરસાદમાં તેને સોળ વરસની કન્યા આળસ મરડતી હોય તેવું લાગે છે. તે કહે છે,

"બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે વરસાદ ભીંજવે
લીલોઘમ્મર નાગ જીવને અનરાધારે કરડે રે વરસાદ ભીંજવે"

-અને આ ઋતુમાં કવિ પ્રણયનો રસ પણ ભુલતા નથી. જુઓ,

"અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે"

## "પંખી ક્યાં ગાય છે?"

તો પ્રકૃતિના અન્ય એક કાવ્ય 'પંખી ક્યાં ગાય છે?'માં પ્રકૃતિના જ એક અભીન્ન અંગ કહી શકાય એવા પંખીઓની વાત કવિએ કરી છે અને તે કહે છે,

"ના રે, ના ! પંખી ક્યાં ગાય છે?

પંખી તો ઊડતા ભગવાન છે જે પોતાના ટહુકાથી સક્ષાત્ થાય છે !"

આમ, પંખીઓની આવી ઉત્કૃષ્ટ કલ્પના કવિએ કરી છે. આ સાથે જ તેઓ ચિંતન કે મનન પન ભૂલતા નથી. તે કહે છે કે જેવી રીતે વૃક્ષ પોતાના પાંદડા હવામાં છુટ્ટા મુકી દે છે તેમ આપણે પણ આપણી સમજદારી કે દૂનિયાદારીનું ભાન બાજુ પર મુકી દેવું જોઈએ. જૂઓ,

"તાજપથી નાહેલું ઝાળવું હવામાં જેમ છુટ્ટાં મૂકી દે છે પાન

એમ ચાલ, વેગળું મૂકી દઈએ આપણે ય મુઠ્ઠીમાં સાચવેલ ભાન"

આમ, કવિ પ્રકૃતિની સાથે-સાથે ચિંતન પણ રજૂ કરે છે.

## ઉપસંહાર:

આપણે કહી શકીએ કે, રમેશ પારેખના પ્રકૃતિ કાવ્યોમાં જે એક લહેકો આપણને જોવા મળે છે તે લહેકો અન્ય કોઈ કવિમાં ભાગ્યે જ જોવા મળશે. તેના દરેક પ્રકૃતિ કાવ્યોમાં એક લયબદ્‌ધતા જોવા મળે છે જેનાથી તે અન્ય કરતા કંઈક અલગ હોવાની અનુભૂતિ કરાવે છે.